# RTE Act-2009 અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોની સભાનતાનો અભ્યાસ

ભદ્રસિંહ એ. વાઘેલા
સંકલન અધિકારી, કમિશનર શાળાઓની કચેરી
ગાંધીનગર- ગુજરાત

## સારાંશ (Abstract)

પ્રસ્તુત અભ્યાસનો વિષય RTE Act-2009ની જોગવાઇઓ અંગે પ્રાથમિક શાળાના શિક્ષકોની સભાનતા જાણવાનો હતો. સંશોધકે પોતાના સમય-શક્તિ અને મર્યાદાઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસ બે સ્વતંત્ર ચલ શિક્ષકોની જાતિ અને વિસ્તાર પૂરતું મર્યાદિત રાખેલ હતું. જેમાં કચ્છ- ઉત્તર ગુજરાત વિસ્તારના છ જિલ્લાઓના વ્યાપવિશ્વમાંથી સહેતુક પ્રાપ્ત થયેલ 522 શિક્ષકોની Online Google Linkમાં સભાનતા માપદંડ(કસોટી) ઉપકરણને આધારે વર્ષ 2021માં માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ. જે પ્રાપ્તાંકો સ્વરૂપે મળેલ માહિતીના ' t ' મૂલ્યને આધારે અર્થઘટન કરીને ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવેલ. જેમાં RTE Act-2009 અંગેની સભાનતામાં પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિ( સ્ત્રી-પુરૂષ)ના સંદર્ભમાં મળેલ પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળેલ. શૈક્ષણિક અભ્યાસના ક્ષેત્રો પૈકી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ' પ્રાથમિક શિક્ષણ' તેમજ 'કેળવણીનો વહીવટ અને સંચાલન' હતું.

---

**ચાવીરૂપ શબ્દો :** RTE Act-2009, પ્રાથમિક શિક્ષણ, શાળા અને શિક્ષક, સભાનતા માપદંડ/કસોટી

---

## ૧ પ્રસ્તાવના

સમગ્ર દેશમાં 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે કેન્દ્ર સરકારના ઘણા પ્રયત્નો બાદ 'બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE Act-2009)' કાયદાને ૨૬મી ઓગષ્ટ ૨૦૦૯ના રોજ રાષ્ટ્રપતિની બહાલી મળી અને ૨૭મી ઓગષ્ટ ૨૦૦૯ના રોજ દેશમાં જનહિત માટે પ્રકાશિત કરવામાં આવ્યો. જેમાં ગુજરાત સરાકારે મળેલી સત્તાની રૂએ સમગ્ર રાજયમાં ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ જાહેરનામું બહાર પાડી સમગ્ર રાજયમાં લાગું પાડેલ છે. પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રાથમિક શાળાઓમાં RTE Act – 2009 અંગેની જોગવાઇઓની શિક્ષકોની સભાનતા જાણી તેના દ્વારા જરૂર જણાયે આ કાયદાને વધુ અમલીકૃત કરવા શિક્ષકોમાં તેની સભાનતાનું પ્રમાણ વધારવાના પ્રયત્નો સરકાર દ્વારા હાથ ધરી શકાય.

## ૨. અભ્યાસના હેતુઓ

1. RTE Act–2009 અંગેની સભાનતાનો પ્રાથમિક શાળાઓના શિક્ષકોની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
2. RTE Act–2009 અંગેની સભાનતાનો પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

### ૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ

$Ho_1$ RTE Act -2009 અંગેની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના જાતિના સંદર્ભમાં સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ RTE Act -2009 અંગેની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વિસ્તારના સંદર્ભમાં સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

### ૪. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસની પધ્ધતિ 'સર્વેક્ષણાત્મક સંશોધન પધ્ધતિ' હતી.

### ૫. વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજયના કચ્છ, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી એમ કુલ ૬(છ) જિલ્લાઓની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓનો સમાવેશ થયેલ. જેમાંથી પ્રાપ્ય બધા શિક્ષકોને સહેતુક નમૂના તરીકે પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કર્યા હતા. 522 શિક્ષકો પાસેથી તેઓની RTE Act-2009 અંગેની સભાનતા જાણવા માટેના RTE Act સભાનતા માપદંડ(કસોટી)માં તેઓએ Online Google Link દ્વારા Submit કરેલ ઉત્તરોને આધારે મહિતી પ્રાપ્ત થયેલ.

**સારણી 1 નમૂનામાં પસંદ થયેલ પાત્રો (પ્રાથમિક શાળાઓના શિક્ષકો)**

| ગ્રામ્ય | શહેરી | કુલ | સ્ત્રી | પુરૂષ | કુલ |
|---|---|---|---|---|---|
| 444 | 78 | **522** | 180 | 342 | **522** |

### ૬. સંશોધન ઉપકરણ

40 વિકલ્પ આધારિત હેતુલક્ષી પ્રશ્નોની કસોટીને આધારે તેઓની RTE Actની વિવિધ જોગવાઇઓની જાણકારી મેળવવા માટે કસોટી સ્વરૂપના માપદંડ ઉપકરણ તરીકે ઉપયોગી નીવડે તેવુ અજમાયશી સ્વરૂપના સરળતા અને ભેદપરખ મૂલ્યને આધારે નિયત થયેલ કલમો/પ્રશ્નો ધરાવતું સ્વરચિત ઉપકરણ 'RTE Act સભાનતા માપદંડ (કસોટી)' તૈયાર કરવામાં આવ્યું હતું.

### ૭. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રાપ્ય માહિતીનું હેતુઓ અનુસાર સાદી ટકાવારીનું વિશ્લેષણ કરીને ઉત્કલ્પનાઓની ચકાસણી કરવા માટે ' t ' મૂલ્યનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**સારણી 2: RTE Act-2009ના સભાનતા માપદંડના સરાસરી પ્રાપ્તાંકોનો શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગુણોત્તર**

| જાતિ | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | t-મૂલ્ય |
|---|---|---|---|---|
| સ્ત્રી | 180 | 18.22 | 6.21 | 2.70 |
| પુરૂષ | 342 | 20.60 | 6.43 | |

ઉક્ત સારણી પરથી જોઇ શકાય છે કે, શિક્ષકોના RTE Act-2009 અંગેના સભાનતા માપદંડના સરાસરી પ્રાપ્તાંકોની જાતિના સંદર્ભમાં તુલના t-કસોટી વડે કરતા મળતું t-મૂલ્ય 2.70 છે. જે 0.01 કક્ષાના સાર્થકતા મૂલ્ય 2.57 કરતા વધુ છે. જેથી મળતું t-મૂલ્ય 0.01 કક્ષાએ સાર્થક જણાય છે. જેથી ઉત્કલ્પના Ho1 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિનિયમ-2009 અંગેની પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિના સંદર્ભમાં સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.' નો અસ્વીકાર થાય છે. પરિણામે કહી શકાય કે, પ્રાથમિક શાળાના શિક્ષકોની RTE Act-2009 અંગેની સભાનતા માપદંડ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં જાતિના સંદર્ભમાં સાર્થક તફાવત જણાય છે. જેથી કહી શકાય કે પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો કરતા પ્રાથમિક શાળાના પુરૂષ શિક્ષકો RTE Act-2009 અંગેની ઊંચી સભાનતા ધરાવે છે.

**સારણી : 3 RTE Act-2009ના સભાનતા માપદંડના સરાસરી પ્રાપ્તાંકોનો શિક્ષકોના વિસ્તારના સંદર્ભમાં ગુણોત્તર**

| વિસ્તાર | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | t-મૂલ્ય |
|---|---|---|---|---|
| ગ્રામ્ય | 444 | 19.98 | 6.52 | 0.93 |
| શહેરી | 78 | 18.95 | 5.93 | ( N.S.) |

ઉક્ત સારણી પરથી જોઇ શકાય છે કે, શિક્ષકોના RTE Act-2009 અંગેના સભાનતા માપદંડના સરાસરી પ્રાપ્તાંકોની વિસ્તારના સંદર્ભમાં તુલના t-કસોટી વડે કરતા મળતું t-મૂલ્ય 0.93 છે. જે 0.01 કક્ષાના સાર્થકતા મૂલ્ય 2.57 કરતા ઓછું છે. જેથી મળતું t-મૂલ્ય 0.01 કક્ષાએ સાર્થક જણાતું નથી. જેથી ઉત્કલ્પના Ho2 'RTE Act-2009 અંગેની પ્રાથમિક શાળાના શિક્ષકોના વિસ્તારના સંદર્ભમાં સભાનતા માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.'નો સ્વીકાર થાય છે. પરિણામે કહી શકાય કે પ્રાથમિક શાળાના શિક્ષકોની RTE Act-2009 અંગેની સભાનતા કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં વિસ્તારના સંદર્ભમાં કોઇ સાર્થક તફાવત નથી. જેથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકો અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકો RTE Act-2009 અંગેની સપ્રમાણ સભાનતા ધરાવે છે.

## ૮. અભ્યાસનાં તારણો

1. પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો કરતા પ્રાથમિક શાળાના પુરૂષ શિક્ષકો RTE Act-2009 અંગેની ઊંચી સભાનતા ધરાવે છે.
2. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકો અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકો RTE Act-2009 અંગેની સપ્રમાણ સભાનતા ધરાવે છે.

## સંદર્ભસૂચિ

1. ત્રિવેદી, એમ.ડી. અને બી.યુ.પારેખ.(1989). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. (તૃતીય આવૃત્તિ). અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

2. દવે, પ્રવિણ આર.(1995). શાળામાં શિક્ષણ અને અધિક્ષણ. (પ્રથમ આવૃત્તિ). યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

3. દેસાઈ, એસ.જી. અને કે.જી.દેસાઈ(1997). અભ્યાસ પદ્ધતિઓ અને પ્રવિધિઓ. (છઠ્ઠી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

4. https://sg.inflibnet.ac.in/

**5.** https://docs.google.com/forms/d/e/1FAlpQLSdo17F4CDCnc4IG8SduIz2bnfSy2o1LM6HOVBhxflXbkb-DA/viewform?usp=sf_link